ॐ

श्री परमात्मने नमः

સૌભાગ્યવતી

નાટકનાં ગાયનો.

શ્રી સરસ્વતિ નાટક સમાજ માટે
છપાવી પ્રસિદ્ધ કરનાર

વાડીલાલ હરગોવનદાસ શાહ

માલેક શ્રી સરસ્વતિ નાટક સમાજ.
પ્રીન્સેસ થીએટર-સુરત.

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫.

કીંમત બે આના.

સુરત, જુની મુંબઇ બેંકવાળા મકાનમાં આવેલા ધી 'દેશી મિત્ર' એનજીન પ્રિન્ટીંગ પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપ્યાં.

નાટય પાત્રો.

નવનીતલાલ .. .. દીવાનનો પુત્ર સૌભાગ્યવતીનો પતી.
ચંદ્રકેતુ . ... રાજકુમાર (કામી)
ભીમો ... . કુમારનો ખુશામદી મીત્ર
ધર્મસીંહ ... ... અચળ ગઢનો રાજા ચંદ્ર કેતુનો પિતા
પદમશા ... ...એક વણીક ગૃહસ્થ.
નફટલાલ . . . . ..પદમશાનો પુત્ર ઇંગ્રેજી ભણેલો ગધેડો
ગફલશા . ... વણીક સૌભાગ્યવતીનો લોભી પીતા.
દીવાન . . .. નવનીતલાલનો પિતા દોઢ ડાહયો

સ્ત્રી પાત્રો.

સૌભાગ્યવતી ... . . ગફલશાની પુત્રી નવનીતલાલની પત્ની
સરસ્વતી ... .. સૌભાગ્યવતીની માતા
ચંદ્રમુખી . . વેસ્યા નવનીતલાલની રખાયત
ચચળ . . . નફટલાલની નાની બ્હેન

સિપાઇઓ, દરબારીઓ, જાનડીઓ, ઓબડી, સીંદણુ વિગેરે વિગેરે

ॐ

સૌભાગ્યવતી નાટકનો ટુંક સાર

અંક પહેલો

શ્રી મંગળાચરણ

પ્રવેશ ૧—સૌભાગ્યવતી પોતાની મા પાસે, ગુણસંપન વર જોવાની અભીલાષા બતાવતી બેઠી છે, ત્યા તેનો લોભી પીતા ગફ્લશા, તે સૌભાગ્યવતીના વીવાહ એક ઇંગ્રેજી ભણેલા અક્કલનાં આંધળા નફ્ટલાલની સાથે, સબંધ, એક હજાર ગીનીઓ લઇ કરી આવતો દેખાય છે. પોતાની સ્ત્રીને સૌભાગ્યના વીવાહના ખબર, સરસ્વતીનો કન્યા વિક્રય માટે તીરસ્કાર ધણી ધણીઆણીની રકઝક

પ્રવેશ ૨—નફ્ટલાલનુ પોતાના મીત્ર સાથે દારૂ પીતા નીકળવુ, સૌભગ્યવતી ની સાથે વીવાહ થયાના મીત્ર તરફથી સમાચાર નફ્ટની બેદરકારી, પોતાની રાખેલી નાયકા ચંદ્રમુખી પર ચાહના ત્યાંજ નાયકાનુ દીવાની જુવાનીની તારીફમા નીકળવુ, નાયકા, નફ્ટનો પ્યાર, બાદ જવું નાયકાના પ્રપંચી વિચાર, રાજકુમારને સૌભાગ્યવતીનો મોહ લગાડવા મનસુબો ત્યા રાજકુમાર, ચંદ્રકેતુ તથા તેનો મીત્ર ભીમો આવે છે. નાયકા સાથે, પ્રેમને સૌભાગ્યવતીના રૂપ ગુણુની તારીફ કુમારની ચાહના વધવી ને દેવી મંદીર તરફ જવું. એકલી નાયકા, નફ્ટ, તથા કુમાર, જેવા હેયા ફુટાની તારીફ.

પ્રવેશ ૩–દેવી મંદીરમાં સૌભાગ્યવતી, સખીઓ સાથે ગરબો, બાદ લાયક પતી ન મળવાથી, સળગતા અગ્નિ કુંડમાં પડવા વીચાર ત્યા કુમાર ચંદ્રકેતુનુ આવવુ. સૌભાગ્યવતીનો બચાવનો કુમારની પ્રેમ માગણી, સૌભાગ્યવતીનો તીરસ્કાર કુંવરનો બળાત્કાર કરવા પ્રારંભ ત્યા દીવાન પુત્ર નવનીતલાલનુ અચાનક આવવું. સૌભાગ્યનો બચાવ, કુમારને ફીટકાર દીવાન પુત્ર ત્યા સૌભાગ્યનાં પ્રથમ પ્રેમ લક્ષણુ.

પ્રવેશ ૪–કુમાર ત્યા ભીમો રસ્તાપર દેવીના મંદીરમાં થએલી વાત ચીત્ત ભીમાની યુક્તિ કે જો દીવાન પુત્ર પીતાને જાહેર કરે તો તેનેજ માથે આળ ચઢાવી દેવુ. સાક્ષી પુરાવાની ગોઠવણ. જુદા પડવુ.

પ્રવેશ ૫–કચેરીમા રાજા ધર્મસીહ દીવાન પુત્ર નવનીતલાલ, સૌભાગ્યવતીપર થએલો બળાત્કાર જાહેર કરે છે ધર્મસીહનો, પુત્ર ચંદ્રકેતુ પર ગુસ્સો એકદમ તેડાવવાનો હુકમ, કુમારનુ ત્યા ભીમાનું કચેરીમાં આવવુ પ્રજાપર બળાત્કાર કરનાર પુત્રને ઠપકો કુમાર ત્યા ભીમો યુક્તિથી નવનીતલાલપર આરોપ લાવે છે રાજાને વ્હેમ કુંવરના સાક્ષી સાબીત હોવાથી નીરપરાધી નવનીતલાલ, પર ગુન્હાનો ઠરાવ સાબીત કરવા દીવાન ત્યા રાજા તરફથી અમુકનો મુદત ઠરાવ.

પ્રવેશ ૬–દીવાનજી ત્યા પુત્ર નવનીતલાલ, ખુશામદીઆ દીવાનની પોતાના પુત્રને ધમકી ન્યાય પરાયણ નવનીતની અચળતા, ખુશામદીને ધીક્કાર,

પ્રવેશ ૭–નફટના પીતા પદમશા ત્યા છોકરી ચંચળ ત્યા નફટલાલનુ રૂપીયા માંગતા નીકળવું. ઇંગ્રેજી ભણેલા પણ વગરગણેલા

પુત્ર માટે અફસોસી બાઇ બ્હેન વચ્ચે બોલ ચાલ ત્યાં ચંદ્રમુખીનું આવવું પદમશા નાયકાને જોઇને ગભરાટમાં નફટ તથા નાયકાની ગમ્મત.

પ્રવેશ ૮–ગફલશા તથા સરસ્વતી, તથા સૈભાગ્યવતીના બાપને શીખામણ, લોભમાં અંધ ગફલશા, લગ્ન તીથી નક્કી કરે છે, પછી ઘરમાં જાય છે. બાદ માતા, તથા પુત્રીનો વીચાર સૌભાગ્યવતી પોતાને દીવાન પુત્ર પરણવા ખુશી છે, તેમ પોતાની માને કહેવું માતાની ખુશી સૌભાગ્યને બદલે નફટલાલને બોબડી પરણાવવાની ગોઠવણ.

પ્રવેશ ૯–નાયકા તથા રાજકુમાર ચંદ્ર સૌભાગ્યને ઉપાડી, લાવવાની ગોઠવણુ સૌભાગ્યનો થતો ધણી નફટલાલ સલાહમા ભમે છે, લગ્ન વખતે નાયકાને માણુસ સાથે આવવા કહેવુ નફટને દિવાનગીરીની લાલચ. (ખુશાલી)

પ્રવેશ ૧૦–દિવાનનુ મકાન સૌભાગ્યવતીનુ ત્યા આવવું, નવનીતલાલ ત્યા સૌભાગ્યનો પ્રેમ ત્યાં દીવાન આવી ચઢે છે, કચેરીની વાત નજરે જોઇ ગુસ્સો નવનીતની નરમાશ દીવાનજીનો સૌભાગ્યવતી પર ક્રોધ, પીતાની સામે વહુનુ ઉપરાણું લઇ ન્યાઇ વાતનુ વીવેચન નવનીતને ઘરમાંથી, બહાર કાઢી મુકવો,

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧—ગફલશાનુ ઘર, નફ્ટલાલની જાન, હસ્ત મેળાપ સૌભાગ્યને બદલે બોબડીનુ કન્યાદાન.

પ્રવેશ ૨—કાકાજીને ઘેર, સૌભાગ્યવતી, તથા, સરસ્વતી પાછળથી, સંકેત પ્રમાણે નવનીતલાલ આવે છે. સૂર્ય સાક્ષીએ ભત્રીજી સૌભાગ્યનો હાથ નવનીતલાલને સોપાય છે, માતાની પુત્રીને માટે જમાઇને ભલામણ.

પ્રવેશ ૩—પરણી લાવેલી બોબડી ઉંઘમા નાયકા નફ્ટલાલં તથા, ભીમો માણુસ સાથે આવે છે, ને બોબડીને ઉપાડી કુમારને ભેટ કરવા લઇ જાય છે નફ્ટ દીવાન ગીરીની આશામા.

પ્રવેશ ૪—કુમાર ચંદ્રકેતુ નાયકા ચંદ્રમુખીનું આવી સૌભાગ્યવતીને ઉપાડી લાવવાની ખુશ ખબર પલગ આવે છે. બધાયને બહાર કાઢી, કુમાર પોતાનો પ્રેમ જાહેર કરે છે, ઉંઘમા ઘેરાયલી, બોબડીનુ ચમકવુ કુમાર આશ્ચર્ય ! કપટનુ ભાન થવુ ' ભીમાને ઠપકો, નાયકા તથા નફ્ટને હન્ટરનો માર નવનીતલાલની પાછળ માણુસ મોકલવાની ગોઠવણ.

પ્રવેશ ૫—પદમશાની ભક્તીમા વીઘ્ન, વહુ ગેબ થઇ જવાના સમાચાર સાભળી હેબતાઇ જવું. નફ્ટનો રૂવાબ ગફલશાના ઘરેથી ધાંધલ સરસ્વતી પોતાની પુત્રી કયા ગઇ તેમ પુછવુ, વેવાઇ વેવણની તકરાર

પ્રવેશ ૬—ધર્મની કચેરી, દીવાન, ને નવનીતલાલ, સૌભાગ્યને ભગાડી લઇ ગયો તેવી બાતમી ધર્મની પોતાના પુત્ર માટે સારી ખાત્રીને નવનીતને પકડી લાવવાનો હુકમ, ભીમાનું જવું.

પ્રવેશ ૭—વસત વનમાં નવનીતલાલ, તથા સૌભાગ્ય પ્રેમી વીવાદ, બોબડીનુ પોકળ, ખુલતાં પાપી આપણુને પકડવા આવશે તેવી સૌભાગ્યની અગમ બુધ્ધી, નવનીતલાલની ધીરજ ધર્મે જય અને પાંપે ક્ષય, પર વિશ્વાસ કર્મનો યોગ. નવનીત તથા સૌભાગ્ય, કુવર ને હાથે કેદ.

પ્રવેશ ૮—કચેરી, નવનીતને બાધીને હાજર કરવો. ધીક્કારના ધીટકાર કર્મ રેખાએ ફસાએલા, નવનીતનું ન્યાય પુરસર ભાષણ, ઠગ ની પાસે સત્યની હાર, નવનીતને ફાંસીની આગ્ના'—

પ્રવેશ ૯—સૌભાગ્યની પોતાના પ્રીયતમ માટે, દીલગીરી ભીમાની કુવર સાથે લગ્ન કરવાની ભલામણ, સૌભાગ્યની, અચળ ટેક, ત્યાં કુમાર આવે છે, શામ, દામ, ડડ, અને ભેદથી ચળાવવા. પ્રયત્ન, સૌભાગ્ય, અડગ કેદ કરવાનો હુકમ કુવર તથા ભીમાની બીજી યુક્તિ, ભીમા સાથે સૌભાગ્ય પરણવા ખુશી છે. તેમ જાહેર કરવા ઠરાવ. પ્રપચ કરી ભીમો સૌભાગ્યના હાથ અક્ષર લે છે. અને નાયકાને સૌભાગ્યવતીના કપડા પ્હેરાવી કચેરીમા લાવવા જવુ

પ્રવેશ ૧૦—કચેરી, બનાવટી વાત, સૌભાગ્યના પિતા ગફલશા, પદમશાનુ કચેરીમા ફરીયાદી લઇ આવવુ તકરારનો નીવેડો. બાદ ભીમા સાથે સૌભાગ્યવતી, લગ્ન કરવા ખુશી છે તેમ રાજાને કહેવુ કચેરીમા બોલાવવા આગ્ના નાયકાને બનાવી લાવે છે, નવનીતને કેદમાથી બોલાવી. સૌભાગ્ય માટેનો વિશ્વાસ બતાવવો નવનીતની લાચારી. નાયકા તથા ભીમાનો હસ્ત મેળાપ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧—કેદખાનુ. સૌભાગ્યનુ છટકી જવું. એક સીદણ સાથે, કુમારની અથડા અથડી ભીમા પર આરોપ કુમાર વીલે મોઢે.

પ્રવેશ ૨—નાયકા, મોજમા ત્યા નફટલાલનુ. આવવું પ્રેમમાં વીઘ્ન નાયકાનો નફટલાલને તીરસ્કાર, નફટનો મીજાજ જવો મારામારી.

પ્રવેશ ૩-જગલ સૌભાગ્ય વતી જોગણુ વેશે શીકાર અથે આવેલ ધર્મનો કાળા નાગથી બચાવ સૌભાગ્ય પર રાજાનો પ્રેમ, જીવ બદલ વચનની કબુલત માત્ર એક દીવસ ન્યાયાસનની માગણી રાજા કબુલ ત્યાં નફટલાલનુ નીકળવુ. સૌભાગ્યવતી તેને આશીષ આપી નાયકા ઉપર ફરીયાદ માડવા કહેવું.

પ્રવેશ ૪-કુવર તથા ભીમો, પોતાના પાપી, કૃત્યની ખુશાલી, સૌભાગ્ય, ને બદલે નાયકાને ગોઠવી પણ અતે કરમમાં ધુળ રહી તેવા વિચાર, તપાસ કરવાનો વિચાર, સૌભાગ્ય વતી પાપીના વીચાર સાભળી ચાલ્યા જવું.

પ્રવેશ ૫-કેદમાં નવનીતલાલ અફસોસ કરતો જણાય છે. જોગણુ સૌભાગ્યનો મીલાપ પતીને ધીરજ માયાવીને શીખામણુ.

પ્રવેશ ૬-કચેરી ન્યાયાસનપર જોગણુ, કુમાર ભીમાની કમબખ્તી, નફટલાલનુ ફરીયાદ માટે આવવુ નાયકાને પકડી મગાવવા હુકમ, પાપીનો પાપ ઘટ ફુટવો ને ધર્માનો ધર્મ વહેલો વેહેવા કુમાર તથા ભીમાને શીક્ષા, નાયકની કજા, નફટને ગએલાં નાણા મળવાથી મજા ને નવનીતલાલ તથા સૌભાગ્યવતીના હસ્ત મેળાપની ખુશાલી

આનદ આનદ આનંદ

અસ્તુ

૪૭૫૩

શ્રી ૧.

શ્રી गणेशायनमः

શ્રી સૌભાગ્યવતી નાટકનાં ગાયનો

મંગળાચરણ.

સુત્રધાર--નટીઓ— ૧

વદુ હે વિશ્વ વ્યાપક સુધર્મ સુકર્મ સ્થાપક
અધર્મ અકર્મ ઉથાપક.... .. .. .વદુ.
સદાકાળ સહુપર કૃપાળ ઉર વ્હાલ
વૃષ્ટી વરસાવો.
વરસાવો બહુ મન ભાવો
ધર્મ રીત સતકર્મ પ્રીત નીત અજીત ચીત દરસાવો
વરસાવો બહુ મન ભાવો
અવીચળ સંપત્તી હો દીર્ઘાયુ દંપતી હો

નટીઓ— ૨

ધર્મ ધુરંધર સ્વામી તારી સતીઓને સ્વામી
જાગી જોત જેના અંગે રંગ રંગ રેલે છે

સતી તાપ હરતા સ્વામી પ્રીતમને સેવે પ્રેમધારી
સેવા સ્વામીની સ્વીકારે અમૃત મેઘ વરશે છે
ઝેરના અમૃત કીધા દરશન મીરાંને દીધાં
પાપી જન ખાશે ગોથાં સતીઆ પાર ઉતરશે
દુર્ઘટ ગઢ લકા તોડી રાવણસમ બળીઆ રોળી
લાવ્યા સીતા સતિ ભોળી જયજયકાર રેલે છે

સૌભાગ્યવતી— ૩

માજી મારી વિનતી વિચારી
ગુણીવર જો જો સુધારી
રાંક હુ છુ કન્યા તમારી
સરખે સરખી જોડી મળશે
સુખ અલૌકીક શાન્તી ભરસે
જશ જગ માતપીતા પામસો સદાય
પૈસા સાટે પુત્રી વેચે
પાપીયા પાપના પુજમા પેસે
મારે યમ માર તવ પસ્તાય
રીબી રીબી મરે પાપી સડી પડી કાય

ગફલશા--સરસ્વતી— ૪

ચુપચુપ રાડ અક્કલની કોથમીર બુદ્ધીની બારદાન ચુપ

સરસ્વતી—પૈસા સાટે પુત્રીને ફેંકતા ઘરામાં,
મુવા પાપી એ બાપ ને ભાઇ.

ગપૂલશા—ડોન્ટ સ્પીક..........ચુપચુપ૦
ગીનીઓ ઓગણીસને પંદરની
ઠાઠમાઠ ખુબ જામસે સાયબી બોલ-બેલ.

સરસ્વતી—રીબીને મરશો કોહવાસે કાયસડી.

ગફૂલશા—ડેમ ગો....ઓન.... .... ..ચુપચુપ૦

ચંદ્રમુખી— ૫

આહા હું દીવાની યૌવના અંગ અનંગ પીડેરે-અનગ.
ચતુર હું સુજાણ છુ કોઈ પ્રેમી આવોરે,
રસીલી હું રસધાર છું કોઇ પ્રવીણ આવોરે....આહા૦
"વિકટ પથ છે પ્રેમનો, પ્રવીણ વીણ નહી પ્રેમ,
"પ્રેમ પરીક્ષા પ્રેમી જ્યાં, ત્યાં છે કુશળક્ષેમ.
ભાવ ભેદ નાયકાના હું ભણાવુ રે.... ... ...આહા૦

ચંદ્રમુખી--નફ્ફટલાલ— ૬

આવો વાલા હૈયાના હાર ભેટો રસીક દીલદાર,
છેલા મારા નફ્ફટલાલ પ્યારીના પ્રાણ આધાર.
લાલ છોગાળા મોહનજી મારા,
સુંદર રસીક સરદાર.... .. ... આવો૦

નફ્ફટલાલ—ફીદા આ જાન છે.

ચંદ્રમુખી—સ્વામી સીરતાજ છે.

નફ્ફટલાલ—મેના મધુર બોલ વાહ ....આવો૦

ચન્દ્રમુખી— ૭

આહા આવી યુવાની પુર બાહરરે લાલી શી ચમકે,
અધા હેવાનો લલચાય નાચે નયના લટકે.
હાંરે લાવી આપે દાગીના હીરા હાર લાલા ઘરના તરજે.
આવો આવોને મારા પ્રાણ એમ પંડીત કહે છે.
હાંરે આવા ગધ્ધા મુર્ખાઓ નાદાન લેરી વસતા જ્યાં છે.
ઘેર પડે છે ટંકશાળરે જેવી શેવીગ છે.

ગરબો—૮

શ્રી હરિરે લોલ, પ્હેલો તે અવતાર કયા ધર્યોરે.
મચ્છ તણો અવતાર મ્હારા વ્હાલારે.
મચ્છે સંખાસૂર મારીચોરે, વળ્યા બ્રહ્માના વેદ ચાર, મારાવાલારે
જગપતિ કાન કેરૂ ઝુમણું રે લોલ— શ્રી હરિરે લોલ.
બીજે તે અવતાર, કયાં ધર્યોરે,
કચ્છ તણો અવતાર, મ્હારા વ્હાલારે,
કચ્છે સમુદ્રનુ મથન કર્યુંરે,
કડયાં છે ચૌદે રત્ન, મ્હારા વ્હાલારે,
જગપતિ કાનકેરૂ ઝુમણુંરે લોલ

સાખી

વરાહ થૈ હિર્ણાક્ષનો કર્યો હરિ સહાર,
ઉગાર્યો પ્રહલાદને, ધરિ નૃસિંહ અવતાર.

ઢાળ (૨)

ધર્યું પચમ વામન રૂપરે, હરિ છળવાને બળિને,
ભર્યું ત્રિભુવન ત્રિડગ માંહીરે, ચાંપ્યો પાતાળે બળિને.
પરશુ ધરી શસ્ત્રાઅર્જુનને માર્યો,
પાપિ ગર્વિષ્ટનો ગર્વ ઉતાર્યો.
કીધી નિ:ક્ષત્રિ ભુમી નાથરે, તાત વૈરથી બળિને.

સાખી

રાવણ હણિ લાવ્યા સિતા, જન્મિ રઘુકુળરામ,
અધમોદ્ધાર કૃષ્ણ થઇ, કર્યા ભકતના કામ–શ્રી હરીરે.

ચંદ્રકેતુ–સૌભાગ્યવતી— ૯

પ્યારી ગોરી ગોરી ડાહી ડમરી સુદરી
લલીત સુરત સુખકારી પ્રીય પ્રાણ,
સુધબુધ સાન ભુલાય ન્યાળી મોહક રસભર કાય.

સૌભાગ્યવતી–જારે જા તું મુરખ ધીરાજા
નહિ કૃત આ તમ છે સારૂ બ્રાત મારા,
થુ થુ થુકે લોક જોશે ધીક્કારથી,
જાવો ને ઈજ્જત લઈ શાને ડરાવો

ચંદ્રકેતુ— પરવા નહિ જરા.
આવને રસીક જાની દીલોજાન દીલબર શાણી,
કટાર નયનાં વાગી નીશદીન તનમાં મદન પીડે કાય.

નવનીતલાલ-સૌભાગ્યવતી—૧૦

વાહ રસીક ચિંતા ટાળો દીલદાર કુમુદની
પ્રીય છબીરે

સૌભાગ્યવતી-શીરમણી ચિંતા ટાળી સરદાર જોઇ તમ
શશી છબીરે

નવનીત— પરોપકારે વર્ષા વર્ષે ફળ તરવર પરથાએ ગુણીઅલ
જન સુખકારે પર ઉપકારે સોમ ઉદય
રવી થાય ગુણીઅલ (૨)
ધર્મ અર્થે જન તન ધરતા પોતે શ્રી શીવરાય (૨)
પરમાર્થમાં જે તન અરપે સાધ્ય કરે
શ્રીરામ કુમુદની........

સૌભાગ્યવતી-વીર પુરૂષ ઉપર જાઉ વારી ધન્ય માત ને
તાત પ્રીયની શશી છબીરે

ચંદ્રકેતુ— ૧૧

દીલોજાન પર કુરબાન છે આ રાજ ને આ જાન
મીઠી મેના ઉપર સર્વે છે કુરબાન
વાહ સુંદર મનોહારી નારી પ્યારી નખરેદાર
ગાલો ગુલાબી છે મન લલચાવે યાર
હીયર ડીયર આવે કેમ લાગી તાલાવેલી તેમ
એની ગોરી સુરત ભુલાવે છે ભાન

કામણગારી કાળી વેણુ કાળી નાગતણી ફેણુ
એના નાજુક નેણુ લે જાન
લટક ચટક ચાલતી ઠમક રમક ઝમક હાય
ઝાંઝરને ઝણુકે ચીતડુ ચમકે ભેટો રસીલી દીલદાર

કુંથનીઓ— ૧૨

બટ બંસી નીકટ બજાવે રે...........
નટ યમુના ત્રટ પટ આવે આવે–બટ૦
બાંસકી બંસી અમૃત રેલે
યમુના તટ રંગ જીલે જીલે........બટ૦

નવનીત— ૧૩

ગાળી ઉમર પાપ પ્રપંચે ધીક તેનો જન્મરે
કર્યાં કામ કાળા સઘળા ખોયો ફોગટ જન્મારો
પાપીના પાસા પડે છે પચીસ ને પોબારરે
દાંભીકને દુનીઆ નમે સતીઆ દીન ભટકાય
ગવરી ગાયો દોહીને દુધ શ્વાનને પાય
સમય એવો વીપરીત આવ્યો સ્હાય કરે કીરતારરે

નન્દલાલ–ચંદ્રમુખી— ૧૪

વારે પ્રીય જાની અલબેલી
ચાલો મ્હાલોને રસીલા પ્રીતમજી પ્રાણુ પધારજો

મારા પ્યારા પ્રેમેથી હૈયે ચાંપશો........વારે૦

નફ્ટ— ભોગી ભમરી ગુલાબે રસ ચાખસો

ડીયર ચદા ભ્રમરને નવ ભુલશો

ચદ્રમુખી—પ્રાણ મારા સુજાણ

નફ્ટ— આવ ડીયર દીલોજાન

ચદ્રમુખી—પ્રીતમ પ્યારા લાલ છોગાળા નવ મને વીસારસો

સૌભાગ્યવતી— ૧૫

કોમળ કળીએ કુહાડી મારોરે બાપુ શુ સુતા રીબાવોરે
મારૂ આયુષ્ય સીંધુ સમાય મારો સસાર એળે જાય–બાપુ૦
જળ વીનાની માછલી કુમુદ શશી વીણ ન્હોય
સારસ સારસી જોડ વીનાના એકલા પાડે કોય–બાપુ૦
માણેક જડીયલ મ્હેલ માળા કે પન્નાના પોટલા હોય
સોનાનો વર્ષા વરસે ભલે પણ જોડી વીના ધુળ હોય–બાપુ૦
સૌભાગ્ય ભુષણ સસાર સાગર તરવાનુ નાવ છે નાથ
લક્ષ્મીની લાહે નાખો કુવામાં બાળાનો ઝાલી હાથ–બાપુ૦

ચંદ્રમુખી— ૧૬

લેરી લાલા શાના મારો છો નેન બાણરે,
મારો છો નયના બાણરે કલેજાની પારરે—લેરી૦
જાદુ ભરેલી ભ્રમર ભ્રમર આ,

કામણુ કરે છે મારા રાજરે.
વાણી રસીલીથી હું બનતી ઘેલી,
આવો સેજોના સણગારરે ... . .લેરી૦

નફટલાલ, ચંદ્રમુખી— ૧૭

મારી મધુર મનોહર મેના શાને છણકો તુ કરતી,
આવો અલબેલી રસવેલી શાને મતથી તુ ડરતી.
પ્યારી આવ વાલી આવ હુવે શાની ભાવ ખાચ,
ચદ્રમુખી–ખસી જાવો હઠી જાવો મગજ મારો નહી પકાવ.
નફટલાલ–વદન સુદર મધુરી વાણી
મદ ભર ચક્ષુ કામણગારી,
નાખી ભુરકી જાદુની.
ચંદ્રમુખી–ખસી જાઓરે જાઓ ઉ. ઉ . ઉ... ...મારી૦

સૌભાગ્યવતી— ૧૮

સ્નેહી વિના કોણ સ્હાયક બનશે....વિભુ
હત ભાગીણી કયાં જઈ ઠરશે.
ગરીબડાને કોઇ ન ગણુશે,
વીક્રમ સમ કોણ રાય નીવડશે;
વીકટ પથ છે જગત વનોના
ભેદુ વીણ ભુલ પડશે,
કયાં જઇ જીવ તુ ઠરશે.

સૌભાગ્યવતી— ૧૯

રસીલા તમ ઉપર જાઉં વારી છબીલા (૨)
કોડીલા કામણગારા હૈયાહાર રસીક પ્રીય સીર સરદાર.
પીયુજી તમે મંદીર માહે વાણી સુધા જામ પાયા,
મદન અગન તન તાપ વીરમશો સ્વામી સુખ ધારા,
પ્રીયતમ પ્રાણ થકી પ્યારા.... .. ...રસીલા૦

અંક બીજો.

જાનડીઓ— ૨૦

હાંરેઅ ધરતીમાંરે ઢોલાજી મારૂ કોણ સગુ માહારાજ
રે લાડો લાલ ગુલાબ હાંરે લાડી ચતુર સુજાણ
કસબી એ કોરેરે લાડોજી લાડો મોહી રહ્યા માહારાજ
તારે માથે મોળીઆ બંધાય (૨)
કેસરીયા રંગરે સોનેરી સાડી સંગરે લાડોજી લાડી મોહી રહ્યા
તારી આંખે કાજળ અંજાય (૨)
નેનને ફરૂકેરે વહુજીને લટકેરે લાડોજી લાડી મોહી રહ્યા
નફટભાઇ રંગમા ભીંજયાં હારે વરજી રંગના ભીના
કસ્તુરી કેસર ઘોળી સંગ ભઇને પીઠી ચોળી
સૌ જોઇ ખુશી થયા માહારાજ

ચંદ્રમુખી— ૨૧

પ્યારે તોરી બતીયાં કેહુંગી મે
કે હુંગી (૩) પ્યારે......
મીઠી લગત હયે ગરજ સબનકો
ગરજ સરી બૈદ બેરી સબનકો
દરસ કરનકો તરસ રહીથી
કલ ન આવે મેરે જીકો સબ રતીયા—પ્યારે

જાનડીઓ— ૨૨

અમે ઇડરીયો ગઢ જીત્યારે આનંદ થયો,
સૌ જોતા કીયા ભાઈ પરણ્યારે આનંદ થયો;
નફટભાઇ પરણી ઘેર જાતારે આનદ ભર્યા....અમે૦

સરસ્વતી— ૨૩

આ ગાય વીનાની વાછરડીને પાળજોરે,
આ માત વીખુટી સુતાને સભાળજોરે.
મુજ અધ રત્ન છે આ દીકરી,
તમ ચરણ રહે બનીને કીંકરી
સૌ સપી પ્રેમે નીત્ય નીયમ સભાળજોરે,
વીનય ખડગથી દુષ્ટ મતીને મારજોરે,
શુભ નીતિથી નીચ અનિતી ટાળજોરે
ચતુર ચદ્ર ગુણ ધામ છો શુ કહુ વધતું આજ
લાડીલી સૌભાગ્યની તમ સરણે છે લાજ   આ ગાય૦

ચંદ્રકેતુ— ૨૪

પ્યારી મારી રસ રગ ભરી આજ ભેટશેરે,
આહાહાહા વાલી રમણ મણી રશીક ડીયર પધારસેરે
પન્ના પથરાવુ કે હીરા બધાવુ વાલીનુ મનશે નીમસેરે,
માણેક જડાવુ કે મોતી વેરાવુ છબીલી શાને રીઝસેરે
અત્તર છટાવુ કે સેન્ટ રેલાવુ સૌભાગ્યને શુ ફાવશેરે,
ખાજા તળાવું ને મુજા મગાવુ કચોરી એને ભાવશેરે—
આહાહાહા૦

ચંદ્રકેતુ--ભીમો—   ૨૫

પ્રીયા બોલો (૨)

ભીમો— એ-યુ ધીમેથી જો જો એકદમ અંગે અડતા
ધીમે ધીમે પટ ખોલો

ચંદ્રકેતુ—પ્રીય સુંદર મનહર બોલો
જાન આ મલકે ચીતડું ચમકે આહા કયારે મળે

ભીમો— કડકી કરસો લટકી પડસો છટકી ભાગે ભડકી જસે
પ્રેમરસ મજાણે નહીં ઢોલો

ચંદ્રકેતુ—જા જા અહીંથી ઢેમપુલ એ
મન હરનારી સૌભાગ્ય પ્યારી કામણગારી-પ્રીયા
બોલો૦

ચંદ્રકેતુ-બોબડી—   ૨૬

અલી બોબડી પૂટ રાડ ક્યાંથી છે આવી
અરે બોલ

બોબડી— એં એં

ચંદ્રકેતુ— ડાચુ ફાડ

બોબડી— એં એ

ચંદ્રકેતુ—રાંડ હંન્ટરથી ચામડી નાખુ ફોડી
વરરાજા થઇને આવ્યા અત્તર લગાવી
ભેટવા જાઉં જ્યાં પ્યારીને ત્યાં તો નીકળી આ
કુબડી છોડી તારૂ માથું નાખું રાંડ તોડી (૨)

ગફુલશા સરસ્વતી— }
પદમશા ચંચળ— } ૨૭

બધા— હાય હાય જાયરે ડમડા થાય થાય ઢાળો વાટો થઇ જાય
હાય જાય સોનાની કોથળી જાય આવી જેવી તેવી
પાછી ચાલી જાય
વર ને વહુ હાય ક્યાં જાય લાવો બેટા ગીનીઓ
પાણી ના થાય

સરસ્વતી—હાયરે જમાઈ
ગફુલશા—થાયરે ભવાઈ
પદમશા—જાયરે કમાઈ
બધા— હાયરે હાય
સરસ્વતી—કાળુ તારૂ થાય—હાય૦

સૌભાગ્યવતી— ૨૮

મુગ્ધા રસીલી ચમેલી આવો ભોગી ભમરા
આવો રસના વિલાસી ઉઠી મારા ભમરા
મધુર મધુતા ભર્યા મોગરાના ગજરા
ઉરના ઉલ્લાસી આવો ડાહ્યા મારા ડમરા
રસીક વીનાની સુની રસીલી છુ દારા
ચદ્ર વીના કુમુદની ઝુરતી રસાળા
ઉદયની ઘડી જોતાં રહી થાકી પ્યારી

સાભાગ્યવતી— ૨૯

ભેટો સ્યામ સલુણા સુંદર વર સોહામણારે
પ્યારી સુંદર મુરતી હરતી ચી-તને સ્નેહ મણીરે
મનડું તલપ તલપ તમ દર્શન કાજ એ સામળારે
વેલી તરૂવર સુની કરમાતી કોડામણારે
મધુરતા મોહભરેલી વાણીએ તલસાણીરે
ચાલો સુંદર મોહન રસીયા સરવર જીલીયેરે
પ્રેમે પ્રેમી માળા અર્પું હું તમ કઠમાંરે
ઇચ્છા ફળ છો સ્વામી મારા ચિ-ત ચીં-તામણીરે—ભેટો૦

નવનીતલાલ તથા સૌભાગ્યવતી— ૩૦

જગ શીર સાથી શામા સ્વામીનો આરામ
સતી ગુણવંતી રામા મનનો વિશ્રામ
સસાર મોહ તાપે આ કાય લ્હાય વ્યાપે
સમીર શાંન્તી સ્થાપે માનુ રમણી ચી-તમણી એ
રાણી વાણી રસયામ
પત્ની એ સ્વામીની દુ:ખ વીરામા
સદભાગી પુન્યવતા પામે સુવામા

સૌભાગ્ય—વાહરે સલુણાજી શાણા પ્રીતમ પ્રાણુ
તન મન ધનથી ચરણુ આપ સેવીસ
ધીર ધારી અમૃત પ્રીતી સીંચુ હુ સ્વામીનઈશ

નવનીત— વ્હારે શાણી શામા પ્રણય સુધામ

નવનીત— ૩૧

આશ સમી સઉ અંતર પટમાં છાંય કુપ જેમ વિરમે કુપમાં
મનવે ધાર્યું માળવે જાશું કર્મ કહે હું ભુતળ પેસું
સત્યતણો અંત મહીમા વધશે ધર્મ ઉદે ભાણુ પુર પ્રકાશે.

સૌભાગ્યવતી— ૩૨

અરે કોઇ લાવોરે મારા માનસ સરનો હંસડો.
કેમરે ઉડી હુસા બાવળ બેઠો.
મોતી વિનાનો જાશે જીવડો—હાય જીવડો—હાય જીવડો.
કઓરે પારધીએ જાળે ફસાવ્યો,
રાંક આ હુસીનો રસીકડો—રસીકડો—રસીકડો.
અરે કોઇ લાવોરે૦

દરબારીઓ— ૩૩

તપો યાવત દીવાકર તપયશ અતીઅતી દશે દીશ
ગરજી વળી પુરણ પ્રકાશતા.
ન્યાય નીતિ નયતા ધારી પ્રજા પરે ધરી પુરણ પ્રેમ,
વિજય વિનય મહા ગુણ સ્વામી રાચતા.

અંક ૩ જો.

સૌભાગ્યવતી— ૩૪

સહાય કરો ને શ્રી ઘનશામ છે ફરયા દુષ્ટ દાવે પ્રાણ,
હર્ષ ડુંગર પર હું ફરતીતી સુંદસ્વરથી ક્રીડા કરતી.
અણચીંતી મહાદેવ ઝાળ પ્રગટી સપડાયા મમ શામ,
અબળ હું અધવચ રહી ગઇ.
કોઇ ગમ નહિ કયાંઈ ગમે નહિ,
પ્રીતમ મેળવી પ્રાણ બચાવો.—હે ચીદદાન રઘુરાજા૦

ચંદ્રકેતુ— ૩૫

વા વા વા પ્યારી સુદર છે મળી બદાનું ખુલ્યુ ભાગ્ય,
જેવો જોઇએ તેવો સાથે છે લાગ.
મદમાતી ને છે, છલકાતી રૂપગુણ ભંડાર,
પ્યારી વાહ, બોલો હાં.
મદન મનોહર, મુખડા સારૂ સર્વ ગણ્યું સ્મશાન,
યોવનવંતી યોવન સારૂ જાન કરૂં કુરબાન,
ઓહોહોહો....વા....વા....વા.

નફ્ટ, ચંદ્રમુખી— ૩૬

વાહ, વાહ, છબી પૂંકડી, વાહ પ્યારી તું છે નખરેદાર
મરૂ હું આ ગુલાબી ગાલપર, દીલની દીલોજાન.
ડીઅર, ડીઅર દીલદાર આવો મારા સરકાર.
ચંદ્રમુખી-મને ના બોલાવો મારૂ ચક્કર ભમી જાય,
જાઓ તમે ઘેર અંહી નહી આવતા.
નફ્ટ- પ્યારી વિના ના રહેવાય, જીવ ઉથલ પાથલ થાય,
કાઢુ તારી સાથે પ્રાણ--દીલોજાન માન.

ચંદ્રમુખી--નફ્ટ— ૩૭

બક બક કરતો મર બંધ અકરમી અંધા
નફ્ટ— સરકાર હૃદયના હાર કરે કયમ કપટ ઝપટના ફંદા
ઘરબાર કર્યું મેં પાણી
ચંદ્રમુખી-જા થઈ જઇશ પાગલ ગદ્ધા
નફ્ટ— તુ રાંડ બડી છર છદા
ચંદ્રમુખી-જા બ્હાર બબુચક ગદ્ધા
નફ્ટ— આ નફ્ટ બચ્ચો જોજે તું માન હજી ઓ મનહર
ચંદ્રમુખી-જા સીધો ઘેર સફરજન ક્યાંથી આવ્યો તુ નદન
નફ્ટ— લવ લવ કરતી શું રડા

ચંદ્રમુખી–જા ખ્હાર કુંભારના ગદ્ધા
નફ્ફટ— હટ નપ્પટ ગદ્ધી કુલટા
ચંદ્રમુખી–ગો–વે રાંડા શાહુજાદા

નવનીત— ૩૮

મુરખ મનજી મુકો ને માયા ડાહ્યા દોઢ તણાયા
આ ધન ધામ ધરા સુત સંપત સાથ ન કરશે જાયા
કામ ક્રોધ મદમત્સર' સરમા માયાએ કંઇકિ ડુબાવ્યા–
રાગ દ્વેષ નીચ પાપને કરતાં શઠજન નહિં શરમાયા
મૃગજળ સમ છે જગ્ત અસત્ય આ સત્ય સમજી
શું રહ્યા રઘવાયા
જીત્યા નાહ્યા શીલ સરોવર કલ્પલ-તા પુરૂષો-તમ શીતળ
શોધી સુખ છાયા—મુરખ૦

નવનીત— ૩૯

એક દીન એવો આવશેરે કે સબળ મારા રૂદીયામાં સાલેરે
સગા મીત્રના કારણે ભાઈ કોઇનુ જોર નવ ચાલે
કાઢો કાઢો સહુકો કહે જાણે જનમ્યા ન્હોતારે
સોળ વરસની સુંદરી ભાઇ ઉભી ટગ મગ જુવેરે—જા
ભાઇ ઉભી ટગ મગ જુવેરે
હારે કાયામાં કાંઈ નથી ત્યારે બેઠી ધ્રુસકે રૂવેરે

ભાઈ બેઠી ધ્રુસકે રૂવે
વેઢ વીંટી ને સાંકળી તારા વીધ વીધના છે વાઘારે
તારા વીધ વીધના વાઘા
કુટુંબ ભળ્યું બધુ એકઠું ત્યારે તુજને લુંટવા લાગ્યારે
ભાઈ તુજને લુંટવા લાગ્યા
બેની વળી ત્રણ શેરીયે ભાઈ માતા ઝાંપેથી વળશેરે
ભાઈ માતા ઝાંપેથી વળશેરે
-સગા સગા સૌ કરે પણ સગા વળાવીને વળસેરે
એક દિન એવો આવશેરે

શાંન્તિ શાંન્તિ શાંન્તિ.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે દર્શાવેલા નાટકના ગાયનોના ઓપેરાઓ રોકડી કિંમતે અમારી શ્રી ' સરસ્વતિ નાટક સમાજ ' નો જ્યા જ્યાં મુકામ હશે ત્યા ત્યાની ઓફીસમાથી મળશે

૧	અદલ ઇન્સાફ	૦-૨-૦
૨	લક્ષ્મી વીજય	૦-૨-૦
૩	કીશોરસીહ	૦-૨-૦
૪	જુલમી જેસળ . . .	૦-૨-૦
૫	કુસુમાવતી . .	૦-૨-૦
૬	નુગરો સાપ	૦-૨-૦
૭	સરસ્વતીચદ્ર	૦-૨-૦
૮	તુળશીદાસ .	૦-૨-૦
૯	અભિમન્યુનો ચક્રાવો .	૦-૨-૦
૧૦	લલિત મુગ્ધા	૦-૨-૦
૧૧	પારસમણી	૦-૨-૦
૧૨	જુલ્મી જાલિમ	૦-૨-૦
૧૩	નવલ ગગા . . .	૦-૨-૦
૧૪	મયુરધ્વજ . .	૦-૨-૦
૧૫	ઓખા હરણ	૦-૨-૦

માલેક,

શ્રી સરસ્વતી નાટક સમાજ.